# પાટનગરને પ્લાસ્ટિક મુક્ત કરવાનું અભિયાન ફક્ત કાગળ ઉપર જ

## પાણી, નમકીનના ખાલી પાઉચ, પાન મસાલાના પ્લાસ્ટિક કાગળ તથા અન્ય વેસ્ટ માર્ગો ઉપર

ગાંધીનગર, તા. ૧૨

દેશભરમાં સુપ્રિમ કોર્ટના નિર્દેશ પછી નક્કી કરેલા ધોરણો સાથેના પ્લાસ્ટિક ઉપરના પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. જેમાં કેટલાક રાજ્યોમાં તેનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો છે. પરંતુ ગુજરાતના પાટનગરમાં ખાલી બોટલો, નમકીનના ખાલી પાઉચ, પાન-મસાલાના પ્લાસ્ટિક કાગળ, તથા ચિજવસ્તુઓ લાવવા લઈ જવા કે રાખવા માટે વપરાતી થેલીઓ અને અન્ય પ્લાસ્ટિક વેસ્ટ કે જે ૨૦ માઈક્રોનથી ઓછી માત્રા ધરાવે છે. તે સમગ્ર શહેરના માર્ગો ઉપર જેમ તેમ પડેલી નજરે જોવાઈ



પ્લાસ્ટિક મુક્ત અભિયાન ફક્ત કાગળ ઉપર જ હોય તેવા દશ્યો હાલ માર્ગો ઉપર દેખાઈ રહ્યા છે. પ્લાસ્ટિકના ઉપયોગ બાદ તેનો વેસ્ટ પર્યાવરણ માટે જોખમી હોઈ તેનો જોરશોરથી વિરોધ થયો હતો છતાં જાગૃતિના અભાવે હજુ પણ ઠેકઠેકાણે તેનો બેફામ દુરપયોગ થઈ રહ્યો છે. જે માટે તંત્રએ સક્રિય બની નિયંત્રણ લાવવું જોઈએ તેવી માંગ ઉઠી છે.

દેશની સર્વોચ્ચ અદાલતે પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધના નિર્દેશ જારી કરેલ હતા. જેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી તત્કાલીન સરકારે ધારાધોરણ નક્કી કરી પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. જેમાં ૨૦ માઈક્રોનથી ઓછા ધોરણવાળી રંગીન પ્લાસ્ટીક થેલીઓ અને ચીજવસ્તુઓનો ઉપયોગ પ્રતિબંધાત્મક છે. છતાં હાલમાં પાણીના વપરાયેલા પાઉચ, પાણીની રહી છે. પરંતુ તંત્ર આ બાબતે નિષ્ક્રિય હોય તેમ લાગી રહ્યું છે.

ગાય કે અન્ય પશુઓ આ વેસ્ટમાં રહેલી ખાદ્ય સામગ્રીને આરોગવા માટે પ્લાસ્ટિક સહિત તેને આરોગી જતી હોય છે. તેમજ પ્લાસ્ટિક વેસ્ટ થકી અનેક અવરોધો પેદા થતા હોઈ પર્યાવરણ માટે પણ એટલુંજ નુકસાનકારક બને છે. વધુમાં ગટર કે અન્ય ઠેકાણે આ પ્લાસ્ટિક પાણી કે નિકાલની વસ્તુઓને રોકી રાખે છે તેમજ આ પ્લાસ્ટિક અમુક તાપમાને ઓગળી શકે તેમ ન હોઈ ભારે અડચણો પેદા કરે છે. જેવા અનેક કારણો થકી પ્લાસ્ટિક પ્રતિબંધિત બન્યું છે. રાજસ્થાન, દિલ્હી જેવા અનેક રાજ્યો કડકપણે ઉપયોગ ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. જ્યારે ગુજરાતના પાટનગરમાં તંત્રની નિષ્ક્રિયતા થકી આ પ્રતિબંધ ફક્ત કાગળ ઉપર જ રહ્યો છે.



સરદાર સરોવર નર્મદા બંધની ૧૭ મીટર ઊંચાઈ વધારવાના તથા ૩૦ દરવાજા મુકવાની મંજૂરીની જાહેરાત કરાતા આખા રાજ્યમાં ખુશીનો માહોલ છવાયો હતો. રાજ્યભરના નગરો-મહાનગરોમાં આતશબાજી યોજાઈ હતી. મીઠાઈ વહેંચાઈ હતી. તથા સૌ એકબીજાને અભિનંદન પાઠવતા હતા. આજે ગાંધીનગર ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ આતશબાજી યોજીને નિર્ણયને વધાવ્યો હતો.

# કુરિયર બોયના સ્વાંગમાં ચેન સ્નેચરે મહિલાના ઘરમાં ઘુસી સોનાનો દોરો ખેંચ્યો

## મહિલાએ ચેન સ્નેચરને સામે પડકારતા દોરો મુકી સ્નેચર ઉભી પુંછડીએ ભાગ્યો હતો : દોઢ માસમાં આ પ્રકારની આ ત્રીજી ઘટના બનવા પામી છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા દોઢ મહિના દરમિયાન કુરિયર બોય બની છેક ઘરના આંગણે આવી મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચી ગેંગ સક્રીય થઈ છે. દોઢ મહિનાના સમય ગાળામાં અંદાજે ૩ જેટલા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે ત્યારે આ ગેંગને ઝડપી પાડવા માટે શહેર પોલીસના હાથ ટુંકા પડી રહ્યા છે. તેવું સાબિત થઈ રહ્યું છે. આજે ફરી એકવાર શહેરના સેક્ટર-૫ વિસ્તારના રહેણાંક મકાનમાં કુરિયર બોય બની આવેલા ચેન સ્નેચરે મહિલાના ઉંબરે જ તેના ગળામાંથી સોનાનો દોરો તોડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર શહેરમાં ચોરી, વાહનચોરી, ઘરફોડ ચોરી, મારામારી, ચેન સ્નેચીંગ, અપહરણ, છેતરપીંડી સહિતના ગંભીર ગુનાઓનું પ્રમાણ સતત વધતુ ગયું છે. પોલીસ ફરિયાદ નોંધી બસ કાગળીયા પર કાર્યવાહી કરી રહી છે. તો બીજી તરફ તસ્કરો અને ઘરફોડીયાઓને જાણે કોઈનો પણ ડર રહ્યો ન હોય તેમ એક પછી એક ચોરીઓને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે. તેમ છતાં પોલીસના પેટનું પાણી પણ હલતુ નથી. આંતરે દિવસે ઘટતી ઘટનાઓને જોતા પોલીસની નાઈટ પેટ્રોલિંગ સામે પણ અનેક પ્રશ્નાર્થ ઉભા થઈ રહ્યા છે. આથી સ્થાનિક રહિશોમાં ભયનો માહોલ સર્જાઈ રહ્યા છે. દરમિયાન છેલ્લા દોઢ માસથી શહેરમાં કુરિયર બોય બની ઘરે કુરિયર આવવાના બાને જઈ મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચી નાશી છુટતી ગેંગ સક્રિય થઈ છે અને ગતરોજ સેક્ટર-૫-એ માં એક મહિલાને નિશાન બનાવી હતી.

શહેરના સેક્ટર-૫-એ વિસ્તારના રહેણાંક મકાનમાં ભર બપોરે અંદાજે ૨૫ વર્ષીય યુવાન કુરિયર બોય બની આવ્યો હતો. દરવાજે આવી ઘરની ઘંટડી વગાડી હતી તુરંત જ મહિલા દરવાજો ખોલી બહાર આવી હતી અને પુછ્યું 'ભાઈ બોલો કોનું કામ છે ?' ત્યાં તો કુરિયરબોય બનીને આવેલ યુવાને મહિલાને કુરિયર આપ્યું હતું. મહિલાએ આ કુરિયર મારૂ નથી તમે પાછુ લઈ જાવ તેમ કહેતા જ કુરિયર બોયે મહિલાના ગળામાં હાથ નાખી સોનાનો દોરો ખેંચવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મહિલાએ તેને સામે પડકારતા કુરિયર બોય બની આવેલ ચેન સ્નેચરે ઉભી પુંછડીયે ભાગવાનો વારો આવ્યો હતો અને ફેરો માથે પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ સેક્ટરના સે. ૨ અને સે. ૨૦માં પણ આ પ્રકારના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ત્યારે કુરિયર બોય બની છેક ઘર સુધી આવી મહિલાના ગળામાંથી દોરા ખેંચતા સ્નેચરોને દબોચી લેવાની જરૂર છે. તેવી માંગ ઉઠવા પામી છે. જો કે આ ઘટના અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નથી.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સેકટર-૨૨માં સત્ય સાંઈ સમિતિના સભ્યોએ પૂણ્યતિથિ નિમિત્તે ભજન સંધ્યા યોજી હતી. કડી હાઈસ્કૂલના શિક્ષક મનીષભાઈ મહેતાના માતૃશ્રી વિદ્યાબેન વાસુદેવભાઈ મહેતાની તૃતીય પુણ્યતિથી બુધવારના રોજ હોઈ સત્ય સાંઈ સમિતિને ભજન સંધ્યા માટે આમંત્રિત કરી હતી. જેમાં આ સમિતિના સક્રિય સભ્ય અને સ્વર્ગસ્થના પૌત્ર સંકેત મહેતાએ તમામ આયોજન હાથ ધરતાં ભાવસભર ભજનો ભકિતભાવ પૂર્વક કરી શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી. મોટી સંખ્યામાં હાજર રહેલા સમિતિના સભ્યોએ પ્રસંગોચિત ભજન કરવાથી આત્મસંતોષ વ્યકત કર્યો હતો. વધુમાં દાદીની પૂણ્યતિથિ નિમિત્તે સંકેત મહેતા તથા પરિવારે 'ભુખ્યાને ભોજન' એવા સત્ય સાંઈને ઉદ્દેશને યથાર્થ ઠેરવી ઘ-૬ એ રહેતા તમામ ગરીબ પરિવારોને ખીચડી-છાશનું ભોજન કરાવ્યું હતું.

# ટ્રાન્સપોર્ટના વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવાશે

## ૭.૫ ટનથી ઓછા વજનવાળા વાહનો પાસેથી ટેક્ષ વસુલવા ૭૪ને નોટીસ

ગાંધીનગર, તા. ૧૨

આર.ટી.ઓ. કચેરી દ્વારા ૭.૫ ટનથી ઓછુ વજન ધરાવતા વાહનોનો લાઈફટાઈમ ટેક્ષ વસુલવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અન્વયે આર.ટી.ઓ. કચેરીએ અત્યાર સુધી ૭૪ વાહનચાલકોને ટેક્ષ ભરપાઈ કરવાના મામલે નોટીસ આપી છે.

આર.ટી.ઓ. દ્વારા ટેક્ષ ક્લીયરન્સ અન્વયે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત માર્ગ ઉપર ફરતા ટ્રાન્સપોર્ટ વ્હીકલને પણ હવે હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાની કામગીરી હાથ ધરાશે જેમાં શાળાકક્ષાએ પણ ઝુંબેશ શરૂ કરવાનું આયોજન કરાયું છે. જેના આધારે ટ્રાન્સપોર્ટ વ્હીકલમાં એચ.એસ. આર.પી. નંબર પ્લેટ લગાવવા ઉપરાંત ટેક્ષની પણ વસુલાત કરવામાં આવશે. આર.ટી.ઓ. કચેરી દ્વારા હાલ વર્ષ ૨૦૧૦ પૂર્વે નોંધણી થયેલા ૭૫૦૦ જી.વી.ડબલ્યુ નીચેના વાહનોના લાઈફટાઈમ ટેક્ષ વસુલવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

આર.ટી.ઓ. કચેરી દ્વારા આ મામલે હાલ રેકોર્ડની ચકાસણી કરી આવા વાહનોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જેના અંતે અત્યાર સુધી ૭૪ વાહનમાલિકોને નોટીસ આપી ટેક્ષ વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં બાકી રહેતા અન્ય વાહનો સંદર્ભે પણ આ મામલે નોટીસ આપી નિયત મુજબ ટેક્ષ ક્લીયરન્સની કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત જૂના ટ્રાન્સપોર્ટ વ્હીકલમાં પણ એચ.એસ.આર.પી. નંબર પ્લેટ ફીટ કરવાનું અભિયાન હાથ ધરાશે.

# લાયસન્સ માટે હવે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ વ્યવસ્થા શરૂ થશે

## આગામી સપ્તાહમાં જ અરજદારોને આ સુવિધા ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૧૨

શહેરની હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ માટે ઓનલાઈન એપાઈન્ટમેન્ટ વ્યવસ્થા આગામી સપ્તાહના અંતમાં શરૂ કરી દેવાશે જેના પરિણામે અરજદારોએ ભીડમાં સમય બગાડવાનો વારો આવશે નહી.

શહેરના 'ગ' માર્ગ પર સ્થિત પેપરલેસ આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તેમજ લાયસન્સ, વાહન નોંધણી સહીતની કામગીરી પારદર્શક અને ઝડપી બને તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જો કે છેલ્લા કેટલાક સમયથી આર.ટી.ઓ. કચેરીમાં ટેકનિકલ ક્ષતિઓ વધતા વારંવાર સર્વર ડાઉન થતા કામગીરી ઠપ્પ થઈ જતી હોવાના કીસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં વાહનચાલકોને લાયસન્સ ઈસ્યુ કરવા માટેનો ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ બંધ થઈ જતા અરજદારોનો સમય વેડફાતો હોવાની પણ બૂમ ઉઠવા પામી હતી. પરંતુ આ મામલે હવે ટ્રેકમાં શ્રતિઓનું નિવારણ આવતા લાયસન્સ સહીતની અન્ય કામગીરીઓ ઝડપી કામગીરી હાથ ધરાશે. આર.ટી.ઓ. કચેરીમાં લાયસન્સ માટે ઓનલાઈન વ્યવસ્થા શરૂ કરી દેવાશે આગામી સપ્તાહમાં જ ઓનલાઈન એપોઈન્ટમેન્ટની સુવિધા શરૂ કરી દેવાશે તેમ પણ સૂત્રો દ્વારા જણાવાયું છે. જેના પરિણામે અરજદારોએ ભીડમાં બેસી રહેવું નહી પડે. અમદાવાદની જેમ ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં પણ લાયસન્સ માટે ઘસારો વધતા આ ઝડપી વ્યવસ્થાના આધારે અરજદારોએ એપોઈન્ટમેન્ટ અન્વયે ટાઈમ મુજબ જ આવવાનું રહેશે.

# ઉનાવામાં થયેલ જૂથ અથડામણમાં બે દિવસ બાદ ૧૧ શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૨

ઉનાવા ગામે બે દિવસ અગાઉ ગાળો બોલવા બાબતે બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ લાકડીઓ ઉછળી હતી અને પથ્થરમારો પણ થયો હતો. જે સંદર્ભે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન આજે પેથાપુર પોલીસે આ પ્રકારમાં મુખ્ય ત્રણ આરોપી સહિત કુલ ૧૧ લોકોની ધરપકડ કરી હતી.

ગાંધીનગર નજીક ઉનાવા ગામે તરપોજ વાસ પાસેથી વાસણીયા મહાદેવ ગામમાં રહેતા જયરામસિંહ કાનાજી વાઘેલા અને વિજયસિંહ સોલંકી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન મોબાઈલ ફોન આવતા ફોન ઉપર ગાળો બોલતા હતા આથી ઉનાવા ગામના તરપોજ વાસમાં રહેતા પોપટજી ઠાકોરે ગાળો નહી બોલવા કહ્યું હતું. સામાન્ય બાલોચાલી થઈ હતી. આથી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા લાકડીઓ ઉછળી હતી અને બાદમાં બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. આથી પેથાપુર પોલીસે પોપટજી ઠાકોરની ફરિયાદના આધારે વિજયસિંહ સોલંકી અને જયરામસિંહ વાઘેલા સહિત કુલ ૧૧ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બાદમાં આજે પોલીસે જયરામસિંહ વાઘેલા, વિજયસિંહ સોલંકી અને ધરમસિંહ વાઘેલા સહિત કુલ ૧૧ જેટલા શખ્સોની આજે ધરપકડ કરી હતી.

# ૭/૮ બસ સ્ટેન્ડ પાસે કાર બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૧૨

શહેરના ચ-માર્ગપર ૭/૮ બસ સ્ટેન્ડ પાસે સમી સાંજે કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બાઈક ચાલકને માથાના ભાગે ઈજાઓ થતા ૧૦૮ મારફતે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.



શહેરમાં ટ્રાફિકથી ધમધમતા ચ-માર્ગપર અવારનવાર માર્ગઅકસ્માતની ઘટના ઘટે છે. દરમિયાન આજે સમી સાંજે ચ-૧ તરફથી આવતા બાઈક નં. જીજે-૧૮-એ-૪૭૫૪ના ચાલકે માર્ગ ઓળંગી રહેલી સ્વીફ્ટ કાર નં. જીજે-૧૮-બી.સી.-૨૫૬૭ને બમ્પરના ભાગે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કારનું બમ્પર આખે આખુ રીતસરનું તુટીને માર્ગ પર ફેંકાઈ ગયું હતુંઅને બાઈકચાલક બાઈક સાથે માર્ગ પર પટકાયો હતો. પરિણામે બાઈકચાલકને માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. આથી તુરંત ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જો કે આ અકસ્માત અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ થવા પામી નથી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૯.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૯૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હોલીડે : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હોલીડે : ૧૨.૩૦

ફુગલી : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦

હોલીડે : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ફગલી : ૧૦.૦૦

ચલ ભાગ : ૧૨.૪૫

મછલી જલ કી રાની હૈ : ૩.૦૦, ૧૦.૦૦

અનફોગ્રેટેબલ : ૬.૩૦

: સ્ક્રીન-૫ :

હોલીડે : ૧૦.૦૦

ફગલી :૧.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫

ફિલ્મીસ્તાન : ૩.૩૦

હોલીડે : ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

: સ્ક્રીન-૩ :

હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફગલી : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

હોલીડે : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ફગલી : ૪.૧૫

: સ્ક્રીન-૩ :

ચલ ભાગ : ૧૦.૩૦, ૩.૩૦, ૮.૩૦

મછલી જલ કી રાની હૈ : ૧.૦૦, ૬.૦૦, ૧૧.૦૦

## આપની આજ

**મેષ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ ઉત્પન્ન થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. પ્રહલાદજી ભલાજી ઠાકોર (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૭૪૬/૨, સેકટર-૭/બી, ગાંધીનગર
- સ્વ. જીજીબેન મંગાજી ઠાકોર (ઉ.વ.૧૦૦) મુ.પો. સુઘડ, તા., જિ. ગાંધીનગર